## હિસાબ નિયામકશ્રીની કચેરી
## સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી,
## સરદારકૃષિનગર. જિ.બનાસકાંઠા.

વિષય :– પગારમાંથી આવકવેરાની કપાત સરખા હપ્તામાં કરવા બાબત.

વંચાણે લીધાઃ
૧. અત્રેની કચેરીના પરિપત્ર નં.૩૪/૨૦૧૪(જા.નં.સદાંકૃયુ/હિઅહિનિ/કન્ટ્રોલ/૧૨૩૯૦–૧૨૪૫૦/૨૦૧૪ તા.૧૮/૧/૨૦૧૪
૨. અત્રેની કચેરીના પરિપત્ર નં.૫૫/૨૦૧૫(જા.નં.સદાંકૃયુ/હિનિ/કન્ટ્રોલ/ટિ.૧/૧૫૧૫૩–૨૦૦/૨૦૧૫ તા.૨૪/૦૩/૨૦૧૫
૩. અત્રેની કચેરીના પરિપત્ર નં.૧૧/૨૦૧૬(જા.નં.સદાંકૃયુ/હિનિ/કન્ટ્રોલ/ટિ.૧/૩૫૩૩–૬૮/૨૦૧૬ તા.૦૫/૦૭/૨૦૧૬
૪. સેકશન અધિકારીશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના પત્રાંક : ગકવ–૧૬૨૦૧૭–૨૦૦૧–ક.૨ તા.૩૦/૧૦/૨૦૧૭
૫. આવકવેરા અધિકારીશ્રીની કચેરી, ટી.ડી.એસ.૩, અમદાવાદના પત્રાંક : TDS.3/AIN-AC1/2017-18 Dt.05/03/2018

## પરિપત્ર નં.૩૮/૨૦૧૮

આથી અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ/સબયુનિટના વડાશ્રીઓ/ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રીઓને જણાવવાનું કે, વંચાણે લીધા ક્રમ નં.૧ અને ૨થી જણાવવામાં આવેલ છતાં, અત્રેની કચેરીના ધ્યાને આવેલ છે કે કેટલીક કચેરીઓના કર્મચારીશ્રીઓના પગારમાંથી આવકવેરા કપાત સરખા હપ્તામાં ન કરતાં છેલ્લા ત્રણ માસમાં આવકવેરા કપાત વધુ કરે છે. જેના કારણે અત્રેની કચેરીને આવકવેરા કચેરીથી શાર્ટફોલના કારણે વ્યાજની પેનલ્ટીની નોટીસો મળે છે. આવકવેરા ધારા–201(1)/201(1A) of the IT Act 1961ની જોગવાઈ અનુસાર ટી.ડી.એસ. ન કપાવવા/ ટી.ડી.એસ. ઓછો કપાત કરવો દંડપાત્ર છે. સમયમર્યાદામાં ટી.ડી.એસ ન ભરવો અને નોન–ફાઈલીગ ઓફ રીટર્ન આવકવેરા ધારા–271c/Procecution Proceeding u/s 276 B of I.T.Act.1961 હેઠળ દંડનીય છે. આમ, આવક છુપાવવા, ટેક્ષ ચોરી કરવી, તે આવકવેરા અધિનિયમ–૧૯૬૧ની જોગવાઈઓનું ઉલ્લંઘન દંડપાત્ર છે.

ઉકત બાબતો ધ્યાને લઈ નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવા વિનંતી છે.

(૧) વર્ષ ૨૦૧૮–૧૯માં પગારની અંદાજિત આવકને ધ્યાને લઈ નિયમોનુસાર ટી.ડી.એસ સરખા હપ્તામાં અવશ્ય વસુલાત કરવાની જવાબદારી ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રીની રહેશે.

(૨) અત્રેની કચેરીના વંચાણે લીધા ક્રમ–૧ મુજબ કોન્ટ્રાકચ્યુઅલ/સેવા/પ્રોફેશનલ પ્રકારના ચુકવણાના બીલોમાં આયકાર અધિનિયમ–૧૯૬૧ની ધારા–૨૦૦(એ)ને આધિન રહી ૧૯૪–સી(૧), ૧૯૪–જે(૧)ની જોગવાઈ અનુસાર ટી.ડી.એસ. કપાત કરવાની રહેશે.

(૩) ટી.ડી.એસ.કપાતના પત્રકો જે તે માસના અંતે અત્રેની કચેરીને મોકલી આપવાના રહેશે.

(૪) ફોર્મ નં.16(A)માં દર્શાવેલ ટી.ડી.એસ. કપાત આવકવેરા વિભાગેથી ડાઉનલોડ કરેલ 26 ASમાં દર્શાવેલ TDSમાં વિસંગતતા જણાય તો પાનકાર્ડની નકલ, ફોર્મ નં.16(A) અને 26 AS ની નકલો સાથે દરખાસ્ત અત્રેની કચેરીને કરવાની રહેશે.

ઈ/ચા.હિસાબ નિયામક

જા.નં. સદાંકૃયુ/હિનિ/કંટ્રોલ/ટિ.૧/ ૧૧૫૫૧ –૭૦ /૨૦૧૮ તારીખઃ–૧૫ /૦૩/૨૦૧૮

**નકલ સવિનય રવાના :–**

૧. આ યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ ઘટતુ થવા સારૂં.
૨. આ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબયુનિટ વડાશ્રીઓ તરફ જાણ તેમજ તેમજ ઘટતુ થવા સારૂં.
૩. આ યુનિવર્સિટીના તમામ આચાર્યશ્રીઓ તરફ જાણ તેમજ તેમજ ઘટતુ થવા સારૂં.

**નકલ રવાના :–**

૧. હિસાબી અધિકારીશ્રી(પીએફ), ટ્રેઝરી શાખા, સ.દાં.કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર.
૨. હિસાબી અધિકારીશ્રી, સ.દાં.કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર.
૩. માસ્ટર ફાઈલ/પરિપત્ર ફાઈલ.





Scanned by CamScanner